# મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અને "મા વાત્સલ્ય" યોજના

ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો અને મધ્યમવર્ગના કુટુંબો પોતાની આવકનો મોટો ભાગ ગંભીર રોગોની સારવાર પાછળ ખર્ચતા હોય છે. જેથી ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો અને મધ્યમવર્ગના કુટુંબોને ગંભીર પ્રકારની બિમારીના રોગોની સારવારમાં મદદ કરવા સરકાર કટિબધ્ધ છે. આમ, લાભાર્થીઓને ગંભીર પ્રકારની બિમારીઓમાં કેશલેસ સારવાર, એક ઉત્તમ પ્રકારની ગુણવત્તાસભર તબીબી સારવાર અને ઉંચા તબીબી ખર્ચ સામે નાણાંકીય સુરક્ષા મળી રહે તે માટે ગુજરાત રાજ્યના તમામ જીલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા અંદાજે ૪૧.૪૭ લાખ કુટુંબો માટે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના તા.૪/૯/૨૦૧૨થી અમલમાં મુકેલ. તેમજ યોજનાની સફળતાને ધ્યાને લઇ રાજય સરકારે મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજનાનો વ્યાપ વધારી વર્ષ ૨૦૧૪-૧૫માં "વાર્ષિક રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો (કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિ) માટે મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજના ૧૫/૦૮/૨૦૧૪ થી અમલી કરેલ છે.

- ગંભીર બિમારીઓ માટે કુટુંબદિઠ વાર્ષિક મહત્તમ રૂ. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કુટુંબના મહત્તમ ૫ વ્યક્તિને (કુટુંબના વડા, પત્ની અને ૩ આશ્રિતો) લાભ મળવાપાત્ર છે. નવજાત શીશુને છઠ્ઠા સભ્ય તરીકે આ યોજનામાં આવરી લેવામાં આવે છે.
- યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિટલ ખાતે સારવાર હેતુ આવવા- જવાના ભાડા પેટે રૂ. ૩૦૦/- ચુકવવામાં આવે છે.
- ગંભીર બિમારીઓ માટે લાભાર્થી કુટુંબોને "મા" તથા "મા વાત્સલ્ય" યોજના હેઠળ:-
    - બર્ન્સ(દાઝેલા), હૃદયના ગંભીર રોગો, કીડનીના ગંભીર રોગો, મગજના ગંભીર રોગો, ગંભીર ઇજાઓ, નવજાત શિશુઓના ગંભીર રોગો, કેન્સર (કેન્સર સર્જરી, કેમોથેરાપી તથા રેડીઓથેરાપી) જેવી બિમારીઓની કુલ- ૫૪૪ જેટલી પ્રોસીજર માટે ઉતમ પ્રકારની સારવાર આપવામાં આવે છે.

## લાભાર્થીઓ:-

- મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના હેઠળ ગુજરાત રાજ્યના તમામ ૩૩ જીલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા (ગ્રામ વિકાસ વિભાગ અને શહેરી વિકાસ વિભાગની યાદી મુજબ) અંદાજે ૪૧.૪૭ લાખ કુટુંબોનો સમાવેશ થાય છે.
- “મા વાત્સલ્ય” યોજના હેઠળ રાજ્યના તમામ ૩૩ જીલ્લાઓના વાર્ષિક રૂ. ૧.૨૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમવર્ગના પરિવારોનો સમાવેશ થાય છે.

## “મા” અને “મા વાત્સલ્ય” કાર્ડ:-

- યોજના હેઠળ લાભાર્થીના કુંટુંબના દરેક સભ્યના ફોટો, બાયોમેટ્રિક અંગુઠાના નિશાનનો સમાવેશ હોય તેવું **QR (Quick response)** “મા” અને “મા વાત્સલ્ય” કાર્ડ આપવામાં આવે છે. “મા” કાર્ડ દ્વારા લાભાર્થીઓની યોગ્ય ઓળખ કરી શકાય છે અને ખોટા લાભાર્થીઓને ઓળખી તેને કાબુમાં રાખી શકાય છે.
- “મા” તથા “મા વાત્સલ્ય” યોજનાનુ કાર્ડ યોજના હેઠળ સ્થાપિત તાલુકા કિઓસ્ક/સીવીક સેન્ટર કિઓસ્ક પરથી મેળવી શકાય છે. નોંધણી માટે તાલુકા કક્ષાએ ૨૫૧ કિઓસ્ક તેમજ ૬૭ સીટી સિવીક કક્ષાએ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે.




- તા. ૨૬/૦૧/૨૦૧૬ થી ૩૩ જીલ્લાઓમાં મોબાઇલ કિયોસ્ક થકી ગામેગામ બાકી રહી ગયેલ લાભાર્થીઓની નોંધણી કરવાનું આયોજન કરેલ છે. હાલમાં સમગ્ર રાજ્યમાં જિલ્લા દીઠ ૧૦ કિટ, આમ કુલ – ૩૩૦ કિટ કાર્યરત છે.

- “મા વાત્સલ્ય” યોજના હેઠળ “મા વાત્સલ્ય” કાર્ડ કઢાવવું ફરજીયાત છે. જેના માટે નીચે જણાવેલ નિયત (અધિકૃત) અધિકારીઓ પૈકી ગમે તે એક અધિકારી પાસેથી રૂ. ૧.૨૦ લાખ (એક લાખ વીસ હજાર પુરા) કે તેથી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવે છે તે પ્રમાણેનો આવકનો દાખલો લાભાર્થી પરિવારે મેળવવાનો રહે છે. જે ત્રણ વર્ષ સુધી ગ્રાહ્ય રાખેલ છે.

- જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ કલેક્ટરશ્રી/મદદનીશ કલેક્ટર/ પ્રાંત ઓફીસર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા મામલતદાર/ સીટી મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, નાયબ મામલતદાર






## યોજનાની માહિતી:-

- યોજના હેઠળ લાભાર્થીઓ માટે હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન, કન્સલ્ટેશન, નિદાન માટેના લેબોરેટરી રીપોર્ટ, સર્જરી, સર્જરી બાદની અનુવૃત્તિ સેવાઓ, દવાઓ, દાખલ ચાર્જ, દર્દીને ખોરાક, ફોલો-અપ, મુસાફરી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે, હોસ્પિટલ આ બધા માટે કોઇ જ ચાર્જ વસુલ કરી શકે નહી. આમ, “મા” અને “મા વાત્સલ્ય” યોજના હેઠળ લાભાર્થી તદ્દન મફત સારવાર મેળવી શકે છે.

- યોજના અંતર્ગત લાભાર્થીઓને મળેલ નિયત સારવારનો નિયત ખર્ચ માન્ય હોસ્પિટલને સીધો સરકારશ્રી ધ્વારા આપવામાં આવે છે.

- “મા” કાર્ડ ધરાવતો લાભાર્થી યોજના સાથે જોડાયેલ કુલ – ૧૧૨ જેમાં ૬૮ ખાનગી જેવી કે, સ્ટર્લિંગ ગ્રુપ ઓફ હોસ્પિટલ, નારાયણ રૂદ્રાલય, બેન્કર્સ હાર્ટ, સત્યસાંઇ, કૈલાશ કેન્સર, ભારત કેન્સર, એચ.સી.જી. મેડીસર્જ વિગેરે તેમજ ૧૯ સરકારી જેવી કે, યુ.એન.મહેતા, કીડની હોસ્પિટલ, ગુજરાત કેન્સર હોસ્પિટલ વિગેરે સારી સુવિધા ધરાવતી હોસ્પિટલો તેમજ ૨૫ સ્ટેન્ડઅલોન ડાયાલીસીસ સેન્ટરોમાં જઇ ને લાભ લઇ શકે છે.



- મુખ્યમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજના યોજના હેલ્થ એસ્યોરન્સ આધારિત છે જેમાં કોઇ પણ વીમા કંપનીનો સમાવેશ થતો નથી.

- મુખ્યમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ સ્પર્ધાત્મક ઇ-ટેનડરિંગ (ટેકનીકલ અને ફાઇનાન્સીયલ બીડ) મારફતે બજાર ભાવે વિવિધ પ્રોસીઝરના પેકેજ રેટ નક્કી કરવામાં આવેલ.

- યોજના હેઠળ સંલગ્ન હોસ્પિટલ પાસે NABH/JCI/ACHS or any other accreditation body approved by International society for Quality in Healthcare નું પ્રમાણપત્ર હોય અને તેમાં રજીસ્ટર થયેલી હોય તેમને રાજ્ય ધ્વારા "મા" પેકેજ દરો કરતા ૧૦% વધારે ક્વોલિટિ ઇન્સેન્ટીવ આપવામાં આવે છે.




સ્વાવલંબન હેઠળ "મા વાત્સલ્ય" યોજનાનું અમલીકરણ



Tablo on 26/01/2015

- યોજનાના પ્રચાર પ્રસાર માટે પણ રાજ્ય સરકાર દ્વારા તમામ પ્રયત્નો કરેલ છે, જેમાં યોજના હેઠળ અત્યાર સુધી ૨૦ (વીસ) મેગા હેલ્થ કેમ્પ, ૬૯૬ હેલ્થ કેમ્પ થયેલ છે તેમજ તમામ સરકારી હોસ્પિટલો તેમજ બસ સ્ટેશન ઉપર હોર્ડિંગ્સ લગાડવામાં આવેલ છે. અને રેડીયો, ટી.વી., ન્યુઝ પેપર, બસ પેનલ દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. અને આશા બહેનોને બી.પી.એલ કુટુંબોની નોંધણી માટે રૂ. ૧૦૦/- રજીસ્ટ્રેશન દીઠ પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે. લાભાર્થીઓને મુઝવણમાં માર્ગદર્શન પુરૂ પાડવા સારુ દરેક હોસ્પિટલોમાં આરોગ્ય મિત્ર ની નિમણુંક કરેલ છે.

- મુખ્યમંત્રી અમૃતમ યોજનાને ૨૦, સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ સ્માર્ટ ગવર્નન્સ ૨૦૧૪ માટે પ્રતિષ્ઠિત પ્લેટિનમ સ્કોચ એવોર્ડ આપવામાં આવેલ.
- મુખ્યમંત્રી અમૃતમ યોજનાને ૧૩, ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ પ્રતિષ્ઠિત સીએસઆઇ - નીહીલન્ટ ઇ - પ્રશાસન પુરસ્કાર આપવામાં આવેલ.
- મુખ્યમંત્રી અમૃતમ (મા) યોજના ની વધુ જાણકારી મળી રહે તે માટે ટૉલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૧૦૨૨ તેમજ **www.magujarat.com** વેબસાઇટ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.